**સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની સામાજીક અને આર્થિક મોજણી કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૧૦૭/ન.બા.૨૪/અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૩/૩/૨૦૦૭

સંદર્ભઃ વંચાણે લીધો :-નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ના પત્ર ક્રમાંકઃ- વિજાક/મુલ્યાંકન/ન.બા.૨૦૦૭-૦૮/૦૬-૦૭/૩૨૧. તા.૬-૧-૦૭.

**આમુખ :-**

રાજય સરકારે બક્ષી કમિશનની ભલામણોનો તા.૧-૪-૭૮ થી અમલ કરતાં જાહેર કરેલ ૮૨ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિઓ અને ત્યારબાદ બીજી ૫૭ જાતિઓનો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગમાં સમાવેશ થતાં હાલ કુલ ૧૩૭ જાતિઓનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવેશ થયેલ છે.

આ જાતિઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજીક ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ રાજય સરકારે અમલમાં મુકેલ છે. જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, સાયકલ સહાય, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન, રહેવા તથા જમવાની સુવિધાવાળા છાત્રાલયો, આશ્રમશાળાઓ, નિવાસી શાળાઓ, સ્વરોજગારી માટે સહાય, મકાન સહાય, શિવણ વર્ગો, તબીબી સહાય કુવરબાઈનુ મામેરુ તથા સાતફેરા સમુહ લગ્ન માટે સહાય વગેરે યોજનાનો અમલ થઈ રહયો છે. આ તમામ યોજનાઓ છેલ્લા ૨૫ વર્ષથી અમલમાં છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અતિ પછાત જાતિઓ, વધુ પછાત જાતિઓ વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે સામાજીક તથા આર્થિક (Socio-economic survey) મોજણી આજ સુધી હાથ ધરાયેલ નથી. આથી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની જાતિઓની આર્થિક અને સામાજીક મોજણી કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની સંદર્ભમાં દર્શાવેલ દરખાસ્ત અન્વયે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની આર્થિક અને સામાજીક પરિસ્થિતિનો સર્વે કરવા વર્ષ ૨૦૦૭-૦૮માં રુ.૨૦૦/-લાખની નવી બાબતને આથી નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા.૧-૪-૨૦૦૭થી કરવાનું રહેશે.
(૨) વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હશે તે હેતુ માટેજ ખર્ચ કરવાનો રહેશે.
(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવતી જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
(૫) **આ કામગીરી આઉટ સોર્સીંગથી જ કરાવવાની રહેશે.**
(૬) આ કામગીરી માટે કોઇ નવુ મહેકમ ઉભુ કરવાનું રહેશે નહીં.
(૭) સર્વેની કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાની રહેશે અને તેનો પ્રગતિ અહેવાલ નિયામકશ્રી, (વિ.જા)એ પ્રતિ માસ સરકારને અચૂક રજુ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર માંગણી નં.૯૨-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોના કલ્યાણ-બીસીકે-૧૨૭ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૪-૩-૦૭ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિનેશ પી.કાપડીયા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
-માન.મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી,
-માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી
-નિયામકશ્રી(વિ.જા.ક.)ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
-નાણાંકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
-એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
-પે એન્ડ એકાઉન્ટસ ઓફીસર, ગાંધીનગર.
-રેસીડેન્ટ ઓડીટ ઓફીસર, ગાંધીનગર.
-બ.શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
-સિલેકટ ફાઇલ. /એએન.૧/